# બનાસકાંઠામાં કોરોનાનો તરખાટ વધુ ૯૪ કેસ નોંધાયા : ૩ના મોત

### પાલનપુરમાં કોરોના વિસ્ફોટ ૭૨ કેસ : ડીસામાં ૦૯ અને દાંતામાં ૧૧ કેસ નોંધાયા

બનાસકાંઠા જિલ્લામાં આજે પણ કોરોનાએ કોહરામ મચાવતા કોરોનાના વધુ ૯૪ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે ૩ લોકોના મોત નિપજતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં આજે પણ કોરોનાએ તરખાટ મચાવ્યો છે. જેમાં જિલ્લામાં આજે વધુ ૯૪ કેસ નોંધાયા હતા. જેમાં જિલ્લા મથક પાલનપુરમાં ૭૪ કેસ નોંધાયા હતા. જ્યારે વેપારી મથક ડીસામાં ૦૯ કેસ અને દાંતામાં ૧૧ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે આજે ૩ કોરોના પોઝીટીવ દર્દીઓના મોત નિપજયા હોવાનું પાલનપુર સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું.



**પાલનપુર સિવિલ હાઉસફૂલ : ૨ દિવસમાં ૪ના મોત**

બનાસકાંઠામાં કોરોનાના કેસોમાં ચિંતા જનક હદે વધારો થઇ રહ્યો છે. ત્યારે પાલનપુર સિવિલ પણ કોરોના પોઝીટીવ અને શંકાસ્પદ દર્દીઓથી ઉભરાઇ રહી છે.જેમાં બે દિવસમાં ચાર દર્દીઓના મોત તેમજ ૧૫૦ જેટલા દર્દીઓ સારવાર લઇ રહ્યા હોવાનું સિવિલના સુત્રો જણાવી રહ્યા છે.

બનાસકાંઠામાં કોરોના કોહરામ મચાવી રહ્યો છે. જેમાં જિલ્લામાં સૌથી વધુ કેસ પાલનપુરમાં નોંધાઇ રહ્યા છે. ત્યારે પાલનપુર સિવિલ હોસ્પિટલ પણ કોરોના પોઝીટીવ અને શંકાસ્પદ દર્દીઓથી ઉભરાઇ હાઉસફૂલ થઇ છે. આ અંગે પાલનપુર સિવિલના સુપ્રિટેન્ડેન્ટ ડો.સુનિલ જોષીએ જણાવ્યુ હતુ કે, પાલનપુર સિવિલમાં ૧૨૬ બેડની વ્યવસ્થા છે. જેની સામે કોરોના પોઝીટીવ ૪૪, શંકાસ્પદ ૫૮ તેમજ ૪૯ ઓક્સિજન પર દર્દીઓ સારવાર લઇ રહ્યા છે. જ્યારે રવિવારે ત્રણ દર્દી અને સોમવારે સવારે એક દર્દી મળી બે દિવસમાં કોરોનાના કુલ ૪ દર્દીઓના મોત નિપજ્યા છે.

# કોરોના નિયંત્રિત કરવા રાજ્ય સરકારને ગુજરાત હાઈકોર્ટના મહત્ત્વના સૂચનો

### ૧૫મી એપ્રિલે વધુ સુનાવણી હાથ ધરશે : જાહેર મેળાવળાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ, લગ્નમાં માત્ર ૫૦ને મંજૂરી તથા સરકારી કચેરી ૫૦ ટકા સ્ટાફથી ચલાવવા હાઈકોર્ટે સૂચન કર્યુ

અમદાવાદ,તા.૧૨

નામદાર ગુજરાત હાઈકોર્ટે આજે ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ અંગે સુનાવણી હાથ ધરી છે. ગુજરાત સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી રજૂઆત કરી રહ્યા છે. ચીફ જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ ભાર્ગવ ડી. કારિયાની બેંચે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાતના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ અને આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે સુનાવણીમાં ઓનલાઇન ભાગ લઇ રહ્યા હતા.

સુનાવણીમાં સરકાર અને હાઈકોર્ટે અનેક મુદ્દે પોતપોતાનો પક્ષ મૂક્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો કે, સુઓમોટો અંગે વધુ સુનવણી ૧૫ એપ્રિલના રોજ હાથ ધરાશે. નામદાર હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ રજૂઆત કરી હતી કે, રેમેડસિવીર ઈન્જેકશનની આવશ્યકતા સામાન્ય સંજોગોમાં હોતી નથી. હોમ આઈસોલેશન થયેલા દર્દીઓ પણ રેમડેસિવીરનો આગ્રહ રાખે છે. ગુજરાતની સરખામનીમાં મહારાષ્ટ્રમાં માત્ર ૨ જ કંપનીઓ ઈન્જેકશન બનાવે છે છતાં ત્યાં લાંબી લાઈનો નથી. નામદાર હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીની રજૂઆત કરી કે, ભારતમાં પ્રતિ દિવસ ૧,૭૫,૦૦૦ વાયલ રેમડેસિવીરની આવશ્યકતા છે. ગુજરાત સરકાર એક દિવસમાં ૩૦ હજાર વાયલ મેળવે છે. આજે પ્રતિદિન ૧.૨૫ લાખ ટેસ્ટ કરવામા આવે છે ટેસ્ટીગની ક્ષમતા પણ વધારી દીધી છે. ખાનગી લેબોરેટરી વધારી છે અને ૭૦ હજાર આરટીપીસીઆર ટેસ્ટ કરીએ છીએ.

રાજય સરકારના પ્રયત્નોથી ઝાયડસ કેડિલાએ રેમડિસીવર ઈન્જેકશનના ભાવો પણ ઘટાડ્યા છે. જેથી સામાન્ય માણસોને ઈમરજન્સીમાં મળી રહે છે. મોબાઈલ વાનથી સારવાર કરી છે. ૧૪૧ પ્રાઈવેટ હોસ્પિટલને કોવિડ હૉસ્પિટલ તરીકે મંજૂરી આપી છે. નર્સિંગ હોમને પણ કોવિડ કેર સેન્ટરમાં તબદિલ કર્યા છે. એક દિવસમાં ૧૦૮૭ બેડના કોવિડ સેન્ટર ઉભા કર્યા છે.હોસ્ટેલ ને પણ કોવિડ સેન્ટર બનાવ્યા છે. ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે જ્યાં ૭૦ ટકા ઓક્સિજન એ હેલ્થ સેકટર માટે રિઝર્વ રાખ્યા છે. ૫૦ ટકા સરકારી કર્મચારીઓને કોવિડ થઈ ગયો છે. જ્યારે ૧૭ હજારથી વધુ બેડ સમગ્ર ગુજરાતમાં અત્યારે ખાલી છે.

# રાજ્યના મોટા મંદિરો, બજારો, જાહેર સ્થળો સ્વયંભૂ બંધ

અમદાવાદ,તા.૧૨

રાજ્યમાં કોરોના વાઈરસનો કહેર જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં સરકાર દ્વારા નાઈટ કર્ફ્યૂ અને કેટલાક કડક નિયમો મૂકવામાં આવ્યા છે. જોકે, આ વખતે સરકાર લૉકડાઉનના મૂડમાં નથી ત્યારે સ્વંયભૂ લૉકડાઉનને સમર્થન આપી રહી છે. આ સ્થિતિમાં રાજ્યમાં ૫૫૦૦ કેસ સામે આવી રહ્યા છે ત્યારે રાજ્યમાં આજથી અનેક મોટા જાહેર સ્થળો બંધ જાહેર કરવામાં આવ્યા છે જેમાં કેટલાક ગમો છે, કેટલાક મોટા મંદિરો છે, કેટલીક બજારો છે કેટલાક પર્યટન સ્થળો છે. શક્તિપીઠ પાવાગઢ મદિરમાં આજથી ભક્તો માટે પ્રત્યક્ષ દર્શન કરાયા બંધ કરવામાં આવી છે. ૧૨મી એપ્રિલથી ૨૮ એપ્રિલ સુધી મંદિરમાં પ્રત્યક્ષ દર્શન બંધ રાખવા મંદિર ટ્રસ્ટ દ્વારા કરાયો હતો નિર્ણય ત્યારે કોરોના સંક્રમણની વકરતી જતી સ્થિતીને લઈ ચૈત્રી નવરાત્રી દરમિયાન મંદિરમાં દર્શન બંધ રાખવામાં આવ્યા છે.

ચૈત્રી નવરાત્રીમાં ગુજરાત અને મધ્ય પ્રદેશમાંથી લાખોની સંખ્યામાં ભક્તો ઊમટતા હોય છે, ત્યારે માઈ ભક્તોની અવર જવરથી ધમધમતું પાવાગઢ ડુંગર બજાર સુમસામ બન્યું છે. દ્વારકામાં કોરોનાનો કહેર વધતા કડક નિર્ણયો લેવામાં આવ્યા છે. નાગેશ્વર જયોર્તિલિંગ-નાગેશ્વર, ગોમતીઘાટ,સુદામાસેતુ-દ્વારકા રૂક્ષ્મણી મંદિર,ભડકેશ્વર મંદિર-મીરા ગાર્ડન-દ્વારકા,તેમજ શિવરાજપુર બીચ પણ બંધ કરવામાં આવ્યા છે. યાત્રિકોની અવરજવર વધે તો સંક્રમણ વધવાની શક્યતાને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.આગામી સૂચના ન મળે ત્યાં સુધી તમામ સ્થળો બંધ રાખવા સૂચના આપવામાં આવી છે. દ્વારકામાં કોરોના ના કેસોમાં થઈ રહેલ સતત વધારો ચિંતાનો વિષય હોઈ તમામ સ્થળો પર સંક્રમણ અટકાવવા અપાઈ સૂચના. મહેસાણા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજીને યાત્રિકો માટે દર્શન બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. કાલે ૧૩મી એપ્રિલથી ૩૦મી એપ્રિલ સુધી મંદિરનાં દર્શન બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

# હિંમતનગરમાં કોરોના કાળમાં ઈન્જેક્શન, દવાઓ તો ઠીક પણ ! પીવાનું પુરતું પાણી પણ મળી રહ્યું નથી

### કોરોના સંક્રમણમાં વારંવાર સાબુ વડે હાથ ધોવાની સુફિયાણી સલાહ આપતું તંત્ર પાણી ક્યારે પૂરું પાડશે ! : નગરપાલિકા પ્રમુખના વોર્ડ નં-૬માં ભર ઉનાળે પાણીના પોકાર : મહિલાઓ ત્રાહિમામ : છેલ્લા પંદરેક દિવસથી પીવાનું પાણી અપુરતુ અને ડહોળું મળી રહ્યું છે

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૨

હિંમતનગર શહેરના નગરપાલિકા હદ વિસ્તારમાં આવતા વોર્ડ નં-૧ થી વોર્ડ નં-૯ માં વિવિધ વિસ્તારોમાં પીવાનું પાણી પ્રમાણસર અને નિયમિતપણે ના આવતું હોવાની સાથે પાણી ડહોળું - દૂષિત આવતું હોવાની ઢગલાબંધ ફરિયાદો નગરપાલિકા તંત્રને કરવામાં આવી રહી છે હવે ઉનાળાની કાળઝાળ ગરમીનું પણ આગમન થવા પામ્યું છે ત્યારે ખરા ઉનાળાના ટાણે જ પીવાના પાણીની સમસ્યાઓ હલ ન થઈ હોવાનો સુર રહીશો ઉઠાવી રહ્યા છે હિંમતનગર નગરપાલિકાના મહિલા પ્રમુખ યતીનબેન મોદીના વોર્ડ નં-૬માં ભર ઉનાળે પાણીના પોકાર સાથે મહિલાઓ ત્રાહિમામ્ પોકારી ઉઠી છે વોર્ડ નં-૬ સહિત શહેરભરમાં વારંવાર ઉપસ્થિત થતાં પાણીના પ્રશ્નો અંગે તંત્ર દ્વારા કાચબાની ગતિએ કામગીરી કરવામાં આવતા પાણી જેવા યક્ષ પ્રશ્ન હજી સુધી નિરાકરણ આવ્યું નથી ત્યારે તંત્ર દ્વારા વોર્ડ નં-૬ માં પાણીનું એક ટેકર મોકલી સંતોષ માની લીધો છે ત્યારે વોર્ડ નં-૬ સહિત શહેરભરમાં નગરપાલિકા તંત્ર દ્વારા અપુરતુ અને ડહોળું મળતા લોકો સ્વખર્ચે વાહનો ઉપર પાણીના કેરબા લઈ જતા નજરે પડી રહ્યા છે અને લોકો સ્વખર્ચે પાણી મંગાવી પાણીની જરૂરિયાત પૂરી કરે છે સમયસર પાણી સહિત અન્ય કરવેરા વસુલવામાં અગ્રેસર નગરપાલિકા દ્વારા આકરા ઉનાળામાં પાણીની તીવ્ર અછત મુદ્દે ઊણી ઉતરતા લોકોમાં ભારોભાર રોષ ભભૂકી રહ્યો છે ત્યારે છેલ્લા પંદરેક દિવસથી અપૂરતું અને ડહોળું પાણી આવતા પાણીની ગુણવત્તા સામે સ્થાનિકોમાં ભારે આક્રોશનો માહોલ ઊભો થતાં નગરપાલિકાના સદસ્ય અને વોટર વર્કસ વિભાગના ચેરમેન સવજીભાઈ ભાટીએ વિસ્તારની મુલાકાત લઈ સમસ્યાનો ઉકેલ લાવવા હૈયાધારણ આપી પાણીનાં યક્ષ પ્રશ્ન અંગે હાલ તો રાહત મેળવી છે ! પરંતુ આ વિકટ સમસ્યાનો અંત - ઉકેલ ક્યારે ? આવશે એ જોવું રહ્યું !





ઉલ્લેખનીય છે કે , દુષિત અને ડહોળા પાણીની વિકટ સમસ્યા અંગે તંત્ર દ્વારા પાણીના શુદ્ધિકરણ માટે પ્લાન્ટ બનાવવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે તેમજ હિંમતનગર નગરપાલિકાના મહિલા પ્રમુખ યતીન બેન મોદી પોતાના જ વિસ્તારમાં છેલ્લા પંદરેક દિવસથી પાણીની તીવ્ર તંગી અંગેનો યક્ષ પ્રશ્ન નિરાકરણ નથી લાવી શકતા તો સમગ્ર શહેરમાં રોડ ,રસ્તા , પાણી ગટર સહિતની અનેક પાયાની સમસ્યાઓનો ઉકેલ ક્યારે અને કેવી રીતે લાવશે એવું લોક મૂખે ચર્ચાઈ રહ્યું છે

વિકાસની વાતો કરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કીમતી અને પવિત્ર મતો અંકિત કરનાર મહિલા પ્રમુખ વિસ્તારની સમસ્યાઓ અંગે ક્યારેય સભાન બનશે ?

## કોરોના કોર્નર

- ભારતમાં હવે ત્રીજી કોરોના વેક્સિન 'સ્પુટનીક-બી' ને મંજૂરી.
- કોરોનાના કેસ વધતા શેરબજારમાં ૧૭૦૦નો આંક ઘટ્યો.
- મહારાષ્ટ્રમાં બોર્ડની ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષા સ્થગિત કરાઈ.
- પ્રદેશ કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે રાજ્યપાલશ્રીને ગુજરાતમાં તાત્કાલિક કોરોના નિયંત્રણ માટે પગલાં લેવા આવેદન પત્ર આપ્યુ.
- સાબરમતી આશ્રમ મુલાકાતીઓ માટે બંધ કરાયો.
- સુપ્રિમ કોર્ટનો ૫૦ ટકા સ્ટાફ કોરોનાગ્રસ્ત થતાં ફિઝિકલ સુનાવણી બંધ કરાઈ.
- ગુજરાત હાઈકોર્ટે સરકારના પગલાં સામે અસંતોષ વ્યક્ત કર્યો.
- લીમડી નગરપાલિકાના ભાજપના સદસ્યનું કોરોનાથી મોત નીપજ્યુ.
- બાંગ્લાદેશે ૨૦મી સુધી આંતરરાષ્ટ્રીય વિમાની સેવા બંધ કરી.
- છેલ્લા ૨૪ કલાકમાં અર્ધ સૈનિક દળોમાં ૪૦૭ જવાનો કોરોનાગ્રસ્ત થયા.
- કચ્છનો માંડવી બીચ અનિશ્ચિતકાળ માટે બંધ કરાયો.
- હરિદ્વારના કુંભ મેળામાં શ્રદ્ધાળુઓ કોરોનાના કોઈ નિયમો ન પાળતા હોવાના અહેવાલો.
- છેલ્લા ૬ દિવસમાં આઈઆઈએમમાં વધુ ૪૮ કેસ નોંધાયા.
- મુંબઈની તમામ ખાનગી હોસ્પિટલોમાં આજથી વેક્સિનેશન આરંભાયુ.
- ટીકા ઉત્સવના પ્રથમ દિવસે ૨૭ લાખ લોકોએ વેક્સિન લીધી.
- દિલ્હીમાં પરિસ્થિતિ અતિ ગંભીર હોવાનું મુખ્યમંત્રી કેજરીવાલે સ્વીકાર્યું.
- મહારાષ્ટ્ર સરકાર એક મહિનામાં ૨ હજાર પથારીની ૩ નવી હોસ્પિટલ ઉભી કરી દેશે.
- ભરૂચમાં ૨૪ કલાકમાં ૯ યુવાનોનું કોરોનાથી મૃત્યુ થતા ભારે હાહાકાર.
- રાજકોટ સહિત સૌરાષ્ટ્રના તમામ જન સેવાકેન્દ્રો ૩૦મી સુધી બંધ કરાયા.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ૫૦ બેડનું કોવિડ કેર સેન્ટર શરૂ કરાયુ.
- ઊંઝા માર્કેટયાર્ડ આવતીકાલથી ૨૧મી સુધી સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય કરાયો.
- ઝાયડસ હોસ્પિટલ સંકુલમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું વિતરણ ચાર વાગ્યા બાદ બંધ કરાતા ભારે હોબાળો.
- સુરતથી નિવૃત્ત થયેલ પોલીસ ઈન્સ્પેક્ટર બળદેવજીનું કોરોનામાં નિધન.
- કુંભમેળામાં ૬૫ વર્ષથી વધુ વયના અને ૧૦ વર્ષની નાની વયનાને પ્રવેશ અપાશે નહી.
- રામ કથાકાર મોરારીબાપુએ કોરોના વેક્સીનનો બીજો ડોઝ લીધો.
- વડોદરામાં રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજાર કરતા આયુર્વેદિક ડૉક્ટરની ધરપકડ.
- ગુજરાત ક્ષત્રિય કડિયા સમાજના પ્રમુખ અને આપા ગોગા ઓટલાના મહંત નરેન્દ્ર બાપુ કોરોનાથી સંક્રમિત.
- જેતપુર માર્કેટયાર્ડ સ્વૈચ્છિક લોકડાઉન પાળશે.
- રાજકોટના ડીસીપી મનોહરસિંહ જાડેજા સહિત ૬૮ પોલીસકર્મીઓ કોરોનાથી સંક્રમિત.
- ગોંડલ તાલુકાના ૨૪ ગામોમાં આજથી ૧૦ દિવસ સંપૂર્ણ લોકડાઉન.
- અમદાવાદની ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ હાઉસફૂલ.

## સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે કોવિડ કંટ્રોલરૂમ કાર્યરત કરાયો

### સવારે ૯થી સાંજના ૭ કલાક દરમિયાન કાર્યરત : કોરોનાને લગતી કોઇપણ વિગત હવે (૦૨૭૭૨- ૨૪૨૭૩૩) પર મેળવી શકાશે

હિંમતનગર બ્યુરો ઓફિસ તા.૧૨

સમગ્ર ભારતમાં કોરોનાની બીજી લહેરથી મોટાભાગના લોકો સંક્રમિત થઈ રહ્યા છે ગુજરાત સરકાર દ્વારા કોરોનાને નાથવા અસરકારક પગલા લેવામાં આવી રહ્યા છે. જેને લઈ સાબરકાંઠા જિલ્લામાં પણ કોરોનાના કહેરથી બચાવવા જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલ દ્વારા જન જાગૃતિ સાથે લોકોને કોરોના અંગેની સચોટ માહિતી મળી રહે તે માટે જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે.

હિંમતનગર ખાતે સવારે ૯થી સાંજના ૭ કલાક દરમિયાન કાર્યરત કરાયેલ કંટ્રોલ રૂમ (૦૨૭૭૨- ૨૪૨૭૩૩)માં જિલ્લામાં કોરોના રોગને લગતા લક્ષણો, કોવિડ કેર સેન્ટર તથા તજજ્ઞનું માર્ગદર્શન કયાંથી મેળવી શકાય તેવી તમામ વિગતો ઉપરાંત તમારા નજીકના આરોગ્ય કેન્દ્રમાં કોરોનાનો ટેસ્ટ તથા રસીકરણ કયાં કરાવી શકાય તેની સંપૂર્ણ વિગત કંટ્રોલ રૂમ દ્વારા પુરી પાડવામાં આવશે જેનો મહત્તમ લાભ લેવા જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં મામલતદાર કચેરીના જન સેવા કેન્દ્રો બંધ કરાયા

### ધનસુરામાં મામલતદાર કચેરીના જન સેવા કેન્દ્રો બંધ કરાયા

અરવલ્લી જિલ્લામાં મામલતદાર કચેરીના જન સેવા કેન્દ્રો બંધ કરાયા છે ત્યારે




મોડાસામાં મામલતદાર કચેરીના જન સેવા કેન્દ્રો બંધ કરવામાં આવ્યા છે આ કેન્દ્રો ૩૦ એપ્રિલ સુધી બંધ રહેશે કોરોનામાં અરજદારોની ભીડ એકત્ર ન થાય તે માટે ૩૦ એપ્રિલ સુધી આ સેવાઓ બંધ કરવામાં આવી છે કોરોનાના સંક્રમણને લઈને કલેક્ટરે મહત્વનો નિર્ણય લીધો છે. હાલમાં કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે માટે તંત્ર વિવિધ કામગિરી કરી રહ્યું છે એમાં આ જન સેવા કેન્દ્રો બંધ કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લામાં મામલતદાર કચેરીના જન સેવા કેન્દ્રો બંધ કરાયા છે ત્યારે ધનસુરામાં મામલતદાર કચેરીના જન સેવા કેન્દ્રો બંધ કરવામાં આવ્યા છે આ કેન્દ્રો ૩૦ એપ્રિલ સુધી બંધ રહેશે. કોરોનામાં અરજદારોની ભીડ એકત્ર ન થાય તે માટે ૩૦ એપ્રિલ સુધી આ સેવાઓ બંધ કરવામાં આવી છે કોરોનાના સંક્રમણને લઈને કલેક્ટરે મહત્વનો નિર્ણય લીધો છે હાલમાં કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે માટે તંત્ર વિવિધ કામગિરી કરી રહ્યું છે એમાં આ જન સેવા કેન્દ્રો બંધ કરવામાં આવ્યા છે જેથી લોકોની ભીડ ન થાય અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન થાય.

## ભારતની મંજૂરી...

● પહેલા પાનાનું ચાલુ

કોવિક્સિનની બે માત્રા ૪-૬ અઠવાડિયાના અંતરાલમાં આપવામાં આવે છે. તે ૨-૮ ૦સે વચ્ચે તાપમાનમાં પણ સંગ્રહિત કરી શકાય છે. સ્પૂતનિક વીના વિકાસકર્તાઓ અનુસાર, તે ૨-૮ ૦સે તાપમાન વચ્ચે પણ સંગ્રહિત કરી શકાય છે. આ રસી પણ બે ડોઝમાં આપવામાં આવે છે.

કોવિશિલ્ડ અને કોવેક્સિન અને બંનેને સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે ઓફર કરવામાં આવી રહી છે. ખાનગી દવાખાનામાં જવા માટે ૨૫૦ પ્રતિ ડોઝ લેવામાં આવે છે. સરકાર સીરમ ઈન્સ્ટિટ્યૂટ અને ભારત બાયોટેકને ડોઝ દીઠ ૧૫૦ રૂપિયા આપી રહી છે. સ્પૂતેનિક વીની ભારતમાં કિંમત હજી સ્પષ્ટ નથી. આ રસી વિદેશમાં પ્રતિ ડોઝ ૧૦ ડોલરથી ઓછી છે. આરડીઆઈએફની પ્રારંભિક યોજના તેને રશિયાથી આયાત કરવાની છે. આવી સ્થિતિમાં ભાવ વધારે હોઈ શકે છે. એકવાર ભારતમાં આ રસીનું ઉત્પાદન શરૂ થતાં, કિંમતોમાં નોંધપાત્ર ઘટાડો થશે. ડો. રેડ્ડી લેબોરેટરીઝે ૧૦ કરોડ ડોઝ બનાવવાના સોદા પર હસ્તાક્ષર કર્યા છે. આ સિવાય આરડીઆઈએફ હેટરો બાયોફર્મા, ગ્લેન્ડ ફાર્મા, સ્ટેલીસ બાયોફર્મા, વિક્ટોરી બાયોટેકથી ૮૫ કરોડ ડોઝ બનાવવાનો કરાર પણ કર્યો છે.

## ૧૨ લાખને પાર...

● પહેલા પાનાનું ચાલુ

આવ્યા છે તો ૮૭ લોકોના મોત થયા છે. રાજધાની મુંબઈમાં પણ ૨૪ લાકમાં ૯૯૮૯ કેસ આવ્યા છે. જ્યારે ૫૮ લોકોના મોત થયા છે. જોકે મહારાષ્ટ્ર માટે એક સારો સંકેત એ પણ છે કે ૩૪ હજારથી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ કરીને ઘરે મોકલવામાં આવ્યા છે. જેના કારણે મહારાષ્ટ્રમાં કોરોના રિકવરી રેટ વધીને ૮૧.૬૫ ટકા થઈ ગયો છે. દેશની રાજધાની દિલ્હીમાં કોરોના કેસે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી દીધા છે. દિલ્હીમાં શનિવારે એક દિવસમાં ૧૦૭૭૪ નવા કેસ સામે આવ્યા છે. તો ૪૮ કોરોના દર્દીઓના મોત થયા છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલનું કહેવું છે કે ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૧૦ હજાર કરતા વધુ કેસ આવવા સાથે શહેરમાં સ્થિતિ ખૂબ જ ગંભીર છે. તેમણે લોકોને ખૂબ જ જરુરી હોય તો જ ઘરની બહાર નીકળવા માટે સલાહ આપી છે. તેમણે કહ્યું કે કોરોના વાયરસની ચોથી લહેર પાછલી લહેર કરતા વધુ ખતરનાક છે. સરકાર સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. મહારાષ્ટ્ર અને દિલ્હી બાદ છત્તસીગઢ, ઉત્તર પ્રદેશ, કેરળ, તામિલનાડુ, બિહાર, ઉત્તરાખંડ, ગુજરાત અને મધ્યપ્રદેશ સિહના રાજ્યોમાં કોરોના કહેર વધી રહ્યો છે. આ રાજ્યોમાં દરરોજ વધુને વધુ કોરોના નવા કેસ સામે આવી રહ્યા છે. બીજી તરફ વિધાનસભા ચૂંટણી ચાલી રહી છે તેવા પ.બંગાળમાં પણ કોરોના કહેર વધી રહ્યો છે. તેમ છતા ત્યાં મોટી સંખ્યામાં રોડ શો અને રેલિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે કોરોના ફેલાવા માટે અનુકૂળ વાતાવરણ તૈયારી કરી રહ્યું છે.

## ભયાવહ સ્વરૂપ...

● છેલ્લા પાનાનું ચાલુ

આવ્યા તે ઉપરાંત સૌલૈયા, અજરાપુરા તેમજ પુંધરા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૫૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૬૮૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૭૨ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૭૪૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૩૦૦ પર પહોંચી છે. જિલ્લાના ઘણા બધા ગામોએ સ્વૈચ્છીક લોકડાઉનના નિયમો જારી કર્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૫૧ કેસ નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની દોડધામ અને ચિંતા બન્ને વધી ગયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. શહેરમાં તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગની અમલવારી સાથે ફરજીયાત માસ્કના નિયમની અસરકારક અમલવારી માટેની સૂચનાઓ પણ જારી કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મોટી વયના દર્દીઓ વધુ જોવા મળી રહી છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૧૯ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે સંક્રમિત થનારાઓમાં અમુલનો કર્મયોગી, ખાનગી પ્રેસ સાથે સંકળાયેલ વ્યક્તી, એલ.ડી.આર.પી. કોલેજનો કર્મયોગી, ઈન્કમટેક્ષાની ઉદ્યોગભવનમાં આવેલ ઓફિસનો કર્મયોગી, શિક્ષક, આશા વર્કર, ડેટા એન્ટ્રી ઓપરેટર, એસઆરપીએફનો જવાન, ખાનગી કંપનીના એકાઉન્ટન્ટ સલામતિ શાખાનો કર્મયોગી, સિની. ક્લાર્ક, સ્ટેનોગ્રાફર નવાસચિવાલય, સાહિત્ય અકાદમીનો કર્મયોગી, કર્મકાંડ કરતા વિપ્ર, ઉદ્યોગભવનના કર્મયોગીનો સમાવેશ થાય છે.

આજે સે. ૨૮ માંથી ૯ કેસ, સે. ૨ માંથી ૮ કેસ, સે. ૨૭ માંથી ૫ કેસ, સે. ૫ માંથી ૫ કેસ, સે. ૨૪ માંથી ૪ કેસ, સે. ૨૬, ૨૩, ૧૪ અને ૨૯ માંથી ૩-૩ કેસ, સે. ૩ માંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૨૨, સે. ૨૫, ૧૭, ૬, આદિવાડા, સે. ૮ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ૬૦૦ થી વધુ છે તો એક્ટીવ કેસની સંખ્યા ૪૯૫ પર પહોંચી છે.

શહેરમાં ૮ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

## નાગરિકોનો રઝળપાટ...

● છેલ્લા પાનાનું ચાલુ

દર્દીઓને દવા મળતી નથી. કેમિસ્ટના જણાવ્યા મુજબ દવા ઉત્પાદન કરતી કંપનીઓ પુરતો માલ સપ્લાય કરતી નથી જેના લીધે ફેબી ફ્લ્યુની અછત ઉભી થઈ છે. રેમડેસિવિર ઈન્જેકશન માટે પણ આખો દિવસ મેડિકલ સ્ટોર્સ તેમજ ખાનગી દવાખાનાઓમાં સતત દર્દીઓના સગાસંબધીઓ પુછતાછ કરી રહ્યા છે. કોરાનાનો કહેર પણ દિનપ્રતિદિન ઓછુ થવાનુ નામ લેતો નથી. ત્યારે કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધવાની સાથે મૃત્યુ આંક પણ ઉંચકાઈ રહ્યો છે. જેના લીધે આમ નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. આ ભયાવહ સ્થિતિ વચ્ચે દવા અને ઈન્જેકશન ન મળતા નાગરિકો ફફડાટ અનુભવી રહ્યા છે. કોરોનાના દર્દીઓ જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સરળતાથી દવા પણ ન મળતા હવે આ દર્દીઓ માત્ર દુવાના સહારે છે.